

**શ્રી લતા હિરાણી**
(૯૯૭૮૪૮૮૮૫૫)







# P4P - એક અભિયાન

'માણસ નશ્વર છે, વિચાર શાશ્વત છે એટલે હું વિચારમાં વિશ્વાસ રાખું છું. વિચારો એક નક્કર ભૂમિકા બનાવે છે, જેના પાયા પર કોઈ ચોક્કસ દિશામાં કામ થાય તો એના પરિણામો પણ નક્કર હોય છે.' આ વિચાર છે સુરત શહેરના બાળરોગ નિષ્ણાત ડો. કેતનભાઈ ભરડવાના. આ એક નક્કર કારણ હતું કે સંસ્થાને કયું સ્ટ્રક્ચર આપવું એ અંગે જ્યારે ચર્ચાઓ થતી હતી ત્યારે અંતે સર્વાનુમતે એ સ્વીકારાયું કે 'પેરેન્ટિંગ ફોર પીસ' સંસ્થા એ વિચાર અભિયાન જ રહેશે. 'પેરેન્ટિંગ ફોર પીસ' - P4P એક વિચાર અભિયાન છે. એ બાળકો માટે કામ કરે છે અને ઉત્તમ બાળઉછેર માટે માબાપના માનસને બદલવું ખૂબ જરૂરી છે. એ રીતે P4P માનવીના માનસમાં પરિવર્તન લાવવાનું અભિયાન છે.

લગભગ ચોવીસ વરસથી સુરતમાં બાળરોગનિષ્ણાત તરીકે સેવાઓ આપતા ડો. કેતનભાઈના કન્સલ્ટિંગ હોમમાં જાઓ તો એક નવી વાત જોવા મળશે. બાળકોના દવાખાનામાં સામાન્ય રીતે ડૉક્ટર બાળકોને ચોકલેટ આપતા હોય છે. બાળકોને રાજી રાખવા બહુ જરૂરી હોય, નહીંતર સરખી રીતે તપાસવા ન દે. કેતનભાઈએ ઘણાં વખતથી ચોકલેટને બદલે ચણા આપવાનું શરૂ કર્યું. એમને મેસેજ આપવો હતો કે 'ચણા ખવાય, ચોકલેટ નહીં !' સ્વાભાવિક છે કે બાળકો ચોકલેટથી જ ટેવાયેલા હોય ! માબાપ પણ બાળકને ચૂપ કરવા ચોકલેટનો જ સહારો લેતા હોય છે ને ! શરૂઆતમાં બધાને જુદું લાગ્યું પણ ડૉક્ટર આપે એટલે બાળક લઈ લેતા અને ખાતા પણ ખરા. ધીમે ધીમે ડો. કેતનભાઈ 'ચણાવાળા ડૉક્ટર' તરીકે જાણીતા થઈ ગયા. નાના બાળકો માટે માબાપે ડૉક્ટર પાસે નિયમિત જવું પડતું હોય છે. બાળકો પ્રેમથી ચણા ખાવા માંડ્યા એની એમના વાલીઓ પર પણ અસર થઈ. વાલીઓને મેસેજ મળ્યો કે બાળકોને ચોકલેટને બદલે કંઈક પૌષ્ટિક આપવું.

ડૉ. કેતનભાઈની આ વાત સાથે એ લખવાનો લોભ જતો નથી કરી શકતી કે સ્કૉટલેન્ડમાં રહેતા મારા પૌત્રએ પાંચેક વર્ષનો થયો ત્યાં સુધી ચોકલેટ ચાખી નહોતી ! ઘરની સુખડી એ જ એની ચોકલેટ ! યશ પુત્રવધૂ હીનાને આપીશ.

ડૉ. કેતનભાઈ કહે છે કે બાળકો આપણે ધારીએ એના કરતાં વધારે સમજદાર હોય છે. રમતાં થઈ જાય એટલે એમની સમજણ ખૂબ ખીલે છે. એમની હૉસ્પિટલમાં નર્સિંગ સ્ટાફને પોતાના બાળકો લઈ આવવાની છૂટ છે. કોઈ સાચવવાવાળું ન હોય તો તેઓ નાના બાળકને હૉસ્પિટલ લઈને આવી શકે. હૉસ્પિટલમાં એક્સ-રે પ્લેટ જોવાનું વ્યૂ બોક્સ છે. બાળકો એને લાઈટવાળું મશીન કહે. એમાં આગળ વ્યૂઈંગ બોક્સ હોય. પાછળ લાઈટ અને આગળ શીટ હોય. એક બાળક એની મમ્મી સાથે રોજ ત્યાં આવતું હતું. એને એ મશીનમાં જોવાની મજા પડતી હશે એટલે એકવાર કેતનભાઈનો હાથ પકડીને એમને વ્યૂઈંગ બોક્સ સુધી લઈ ગયો, 'ઓય આમાં જો !' બાળકની આવી નિર્દોષ આજ્ઞાનો અનાદર કોણ કરી શકે ?

કેતનભાઈ કહે છે કે બે થી પાંચ વર્ષના બાળકોને પ્રેમ તો ખરો જ પણ માન આપવું પડે. અમુક બાબતમાં એ બાળકને જ પૂછે કે શું કરવું ? બાળક કહે એમ થઈ શકે એમ હોય તો કરે એટલે પછી એની સાથે કામ કરવું સાવ સહેલું બની જાય. છે ને સારો સુઝાવ ! ડૉક્ટર તરીકે તેઓ કહે છે કે માબાપને બદલવા બહુ જરૂરી હોય છે. સામાન્ય રીતે માબાપ ફરિયાદ કરતા હોય છે, જેમ કે "આ ખાતો નથી કે ચોકલેટ બહુ ખાય છે, જંક ફૂડ ખાધા કરે છે, ધાર્યું કરે છે વગેરે..."

P4Pમાં જોડાયા પછી એમની સલાહ આપવાની પેટર્ન બદલાઈ ગઈ. એ માબાપને કહે છે કે તમે આમ બોલો,

"અમે એને ચોકલેટ બહુ આપીએ છીએ. અમે એને જંકફૂડ બહુ આપીએ છીએ. અમે એને કોલ્ડ ડ્રિંક્સ બહુ આપીએ છીએ વગેરે..."

તરત વાલીઓને સમજાવા માંડ્યું કે બાળક નહીં, પોતે જ આવી ટેવો માટે જવાબદાર છે. માબાપે સમજણ કેળવવાની વાત પર હવે તેઓ વધારે ભાર આપે છે.

ક્યારેક માબાપ કહેશે, 'એ માનતો નથી. ફ્રિઝમાંથી જાતે લઈને ખાઈ

લે છે. કબાટમાંથી ડબ્બો જાતે લઈને બિસ્કિટ્સ ખાધા કરે છે.' કેતનભાઈએ કહેવું પડે છે, 'સારું, તમારા ફ્રિઝમાં દારૂ હોય તો શું તમે તેને એ પીવા દેશો ? ફ્રિઝમાંથી કે કબાટમાંથી બાળક જાતે લઈ શકે એવી ચીજો રાખવામાં તમારે ધ્યાન રાખવું પડે. બિસ્કિટનો ડબો એ લઈ શકે એવી રીતે ન રાખવો એ તમારું કામ છે.' સાચી વાત સાંભળ્યા પછી માબાપની આંખ નીચી ઢળે.

ડૉ. કેતનભાઈ પૂરી નિખાલસતાથી કહે છે, "હું બાળકોનો ડૉક્ટર. ચોવીસ વરસથી પ્રેક્ટિસ કરું છું પણ બાળકને સમજવાની અને એની સાથે કેમ કામ કરવું એ નક્કી કરવાની પ્રક્રિયા હજુ ચાલુ જ છે. મારી આ વાત પરથી તમે P4P વિચાર અભિયાનનું મૂલ્ય સમજી શકશો. ગર્ભ ધારણ કરી, બાળકને જન્મ આપી દેવાથી માબાપ બનવાની લાયકાત આવી જતી નથી. માબાપ થવું એ અત્યંત સંકુલ પ્રક્રિયા છે એ આપણે હવે જાણીએ છીએ. હું પણ ધીમેધીમે આ અનુભવું છું કે આ કાર્ય જીવનપર્યંત ચાલશે અને ચાલવું જ જોઈએ. હું આટલાં બધાં વરસોથી બાળકો સાથે કામ કરતો હતો. બાળઉછેર, પ્રાથમિક સારવાર, સ્તનપાન અંગે પેપરમાં મેં કોલમ લખી. મારી કોલમમાં આ બાબતે અનેક પ્રશ્નો પર ચર્ચાઓ કરી. માબાપને આપણે સલાહ આપીએ અને એમનું વર્તન બદલાય એ મારો રસનો વિષય હતો એટલે હું જાતજાતના પ્રયત્ન કરતો. ઘણા બધા લેક્ચર્સ, વર્કશૉપ કર્યા. એ કરતાં કરતાં એમ લાગ્યું કે માબાપને હજુ વધુ કેળવણી આપવાની જરૂર છે.

શાળામાં અને ઘરમાં બાળકોને અપાતી સજાઓ અંગે અમે ખૂબ ચિંતિત હતા. આવી શારીરિક કે સૂક્ષ્મ હિંસાની બાળક પર ખૂબ લાંબાગાળાની અસરો થતી હોય છે અને ક્યારેક જીવનભર બાળક એમાંથી મુક્ત નથી થઈ શકતું. હું અને ડૉ. કમલેશભાઈ પારેખ, અમે વિચાર કર્યો કે બાળકોને શાળાઓમાં કે ઘરે સજા ન કરવી એની સમજણ આપતો કાર્યક્રમ આપણે રાખીએ. ત્યારે અમારા ક્ષેત્રમાંથી વક્તા તરીકે કોણ આવશે એ મને ખબર હતી, પણ મેડિકલ સિવાયના ક્ષેત્રમાંથી પણ કોઈને બોલાવવા અમે વિચાર્યું અને હસમુખભાઈનું નામ મળ્યું. હસમુખભાઈ પટેલ એ એક IPS પોલીસ ઓફિસર. મને એમ થયું કે પોલીસખાતામાં કામ કરનાર આમાં શું કરશે ? વળી વિચાર્યું કે ના, પોલીસખાતામાંથી આવે છે, તો બોલાવો જ. સાંભળીએ તો ખરા ! આ નવી વાત હતી. પટેલ સાહેબને અમે સાંભળ્યા અને અનુભવ્યું કે લોકો પર એમની વાત જબરદસ્ત અસરકારક નીવડી.

એ પછી નવેમ્બર ૨૦૧૨માં અઢી વરસ પછી અચાનક સાહેબનો મેઈલ આવ્યો. એમાં હતું કે બધાંએ પેરેન્ટિંગ પર કામ કરવું જોઈએ. મને ખ્યાલ આવ્યો કે આ તો એ જ પોલીસ ઓફિસર છે. મેં એમને સીધો કોલ કર્યો. ડીઆઈજી કક્ષાના માણસને સીધો કોલ કરવો કે નહીં એમાં શંકા હતી પણ કર્યો અને એપોઈન્ટમેન્ટ લીધી. પહેલી મુલાકાત થઈ. મેં મારું'પરવરિશ' પુસ્તક આપ્યું અને કહ્યું કે આપણે બધાં ભેગા થઈએ. બીજી મુલાકાતમાં કમલેશભાઈ, સ્વાતિબહેન, અમીબહેન, સલીમભાઈ, મુકુલભાઈ અને બીજાઓ પણ બેઠા. અમારા અનુભવો શેર કર્યા ત્યારે શું કરવું એ અંગે એટલી સ્પષ્ટતા નહોતી. પટેલ સાહેબની વાત એ હતી, 'આપણે પેરેન્ટિંગ પર જ કામ કરવું છે.' મને નવાઈ લાગી કે જનરલ પેરેન્ટિંગ એ કેટલું મોટું કામ છે ! મારી દૃષ્ટિએ એ મોટો પડકાર હતો.

અમારી મીટિંગ્સ થતી ગઈ ને ચર્ચાઓ થતી ગઈ. મારું કહેવાનું એ હતું કે આ કામને એક નક્કી માળખું આપશું. 'સ્ટ્રક્ચર્ડ વે' માં કામ કરશું. સાહેબને ગળે ઉતરી ગયું. ત્યાર પછીની મીટિંગ્સમાં અમે અનુભવ્યું કે હા, નક્કર કામ થાય છે. P4Pના લેક્ચર લેવાનું ને મોડ્યુલ્સ બનાવવાનું કામ શરૂ થયું. P4Pને NGO કે ટ્રસ્ટ બનાવવું કે નહીં એની લાંબી ચર્ચાઓ થઈ. બધા એક વાત માનતા હતા કે એક રજિસ્ટર્ડ બૉડી બનવું જોઈએ. એમ પણ થતું કે કંઈક નવું કરીએ અને આ ભલે એક વિચાર અભિયાન રહેતું. આઠેક મહિના સુધી આ અંગે મંથન ચાલ્યું. અમને લાગ્યું વિચારની શક્તિ કોઈ ટ્રસ્ટમાં નહીં આવી શકે, ટ્રસ્ટના ફાયદા અને નુકસાન બંને હોય, માટે આ વિચાર અભિયાન જ રાખીએ. જેને આ વિચાર સ્વીકારી આગળ કામ કરવું હોય એ કરી શકે. મને ખરેખર આનંદ છે કે આપણે કોઈ ચોક્કસ સ્વરૂપમાં બંધાયા વગર P4Pને એક વિચાર અભિયાન તરીકે જ અમે આગળ લઈ જઈ શક્યા છીએ. એમાં પ્રમુખ કે સેક્રેટરી કે એવા કોઈ પદો નથી. નર્યો પ્રેમ જ પ્રેમ છે. જેનાથી જેટલું કામ થઈ શકે એટલું કરે. આ યાત્રામાં ઘણા લોકો છૂટ્યા ને વળી પાછા જોડાઈ ગયા. નવા નવા મિત્રો બનતા જાય છે ને આ કારવાં આગળ ધપતો જાય છે. મને ખાતરી છે કે પટેલ સાહેબના નેતૃત્વ અને વિચારબીજ વગર આ કામ આગળ ન ચાલી શકે. P4Pનું કામ હજી વધુ નક્કર થવું જોઈએ, હજુ એનો ઘણો વિસ્તાર થવો જોઈએ. આપણે બધા સાથે મળીને કામ કરશું તો એ મંઝિલ પ્રાપ્ત કરી શકીશું. ■